નવી સેવા ૨૦૧૬-૧૭

નવરચિત સાત જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશન માટે વિવિધ સંવર્ગની કુલ-૧૯૬ જગ્યાઓ મંજુર કરવા બાબત

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૫/૭૪૨૯/સ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૨/૦૪/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો તા.૨૬/૧૦/૨૦૧૫ નો પત્ર ક્રમાંક-ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૬-૧૭/૨૬૩૮/૧૫

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો તા.૨૨/૩/૨૦૧૬ નો પત્ર ક્રમાંક-ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૬-૧૭/૭૯૭/૧૬

(૩) નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૧૨માં પાના નં-૧૫૧

ઠ રા વ:-

સરકારશ્રી દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં મહિલા પોલીસ સ્ટેશનો ઉભા કરવા માટે મહેકમ મંજુર કરવામાં આવેલ છે. તે મુજબ નવા મંજુર થયેલ સાત જિલ્લાઓમાં પણ મહિલા પોલીસ સ્ટેશનોની જરૂરીયાત રહેશે જેથી નવ રચિત સાત જિલ્લાઓમાં મહિલા પોલીસ સ્ટેશન માટે મહેકમની આવશ્યકતા રહે છે.

સ્ત્રીઓ ઉપર થતા અત્યાચાર, ઘરેલુ હિંસા, દહેજ પ્રથા, બળાત્કાર, લુંટ, ખુન, ગેંગરેપ જેવા કેસોમાં ખુબ જ વધારો થયેલ હોઇ, મહિલા સંબંધિત ગુનાઓ અટકાવવા અને આવા કેસોની તપાસ ઝડપથી થાય તે હેતસર નવા સાત જિલ્લાઓમાં સાત નવા મહીલા પોલીસ સ્ટેશનો માટે સંદર્ભ-૧ થી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ

ઉકત બાબતે પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા નવરચિત સાત જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશન બનાવવા માટે વિવિધ સંવર્ગની નીચે દર્શાવેલ કુલ-૧૯૬ જગ્યાઓ તેમજ આવર્તક ખર્ચ રૂ. ૩,૭૩,૦૦,૦૦૦/- ની આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવેલ છે.

A
26.4.16

| અ.નં. | હોદો | સંખ્યા | પગાર ધોરણ. | ગ્રેડ પે | ફીકસ પગાર |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧ | મહિલા પોલીસ ઇન્સપેકટર | ૦૭ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | ----- |
| ૨ | મહિલા પોલીસ સબ ઇન્સપેકટર | ૧૪ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૧૫,૫૦૦ |
| ૩ | મહિલા આસી.સબ ઇન્સપેકટર | ૨૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ------ |
| ૪ | મહિલા હેડ કોન્સટેબલ | ૪૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ | ------ |
| ૫ | મહિલા પોલીસ કોન્સટેબલ | ૧૦૫ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ | ૧૦,૦૦૦ |
| ૬ | ડ્રાઇવર પોલીસ કોન્સટેબલ | ૦૭ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ | ૧૦,૦૦૦ |
|  | કુલ | ૧૯૬ |  |  |  |

ઉપરોકત વિગતે થયેલ બજેટ જોગવાઇની બાબતની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. તદઅનુસાર આ અંગે પુખ્ત વિચારણાના અંતે નવા સાત જિલ્લા માટે મહિલા પોલીસ સ્ટેશન માટે ઉપર દર્શાવેલ વિવિધ સંવર્ગની કુલ-૧૯૬ જગ્યાઓ નીચે મુજબની નવી જગ્યાઓ ઉભી કરી તા.૨૮/૨/૨૦૧૭ સુધી આ જગ્યાઓ ચાલુ રાખવાની અને ભરવાની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઐચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચતી રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફિકસ પગારની નીતિ અને તેમા વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીની રહેશે

(૧૦) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક નપન/૨૦૦૩/ જીઓઆઇ/૧૦ (પા.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાઇ તે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીએ જોવાનુ રહેશે આ જગ્યાઓ ભરતી વખતે બેકલોકની જગ્યાઓ હોય તો તે અગ્રીમતા આપવાની રહેશે

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પ્રધ્ધતિને અનુસરીને કરવાની રહેશે

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરિક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ

(૧૪) રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

(૧૫) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંતસુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીએ જગ્યાઓ લંબાવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલા એક માસ અગાઉ રજુ કરીને જગ્યાઓ વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૩/- આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ " મુખ્ય માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ ગૌણ સદર : ૧૦૯ જિલ્લા પોલીસ પેટા સદર : ૦૧ MEP-6 જિલ્લા પોલીસ ખુદ, પ્લાન કોડ ૧૧૪૫૧૨ .હેઠળ ઉધારવાનો રહેશે.

૪/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગની તા.૨૧/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

22/04/16

(ગુંજન વ્હોરા )
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર

- તમામ નાયબ પોલીસ મહાનિરીક્ષક/પોલીસ મહાનિરીક્ષકશ્રી, (રેન્જ)
- પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી/ મહિસાગર-લુણાવાડા/બોટાદ/છોટા ઉદેપુર/મોરબી/ ગીર-સોમનાથ/દેવભૂમિ-દ્વારકા
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ક,ગ) સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ
- તિજોરી અધિકારીશ્રી , અરવલ્લી/ મહિસાગર-લુણાવાડા/બોટાદ/છોટા ઉદેપુર/મોરબી/ ગીર-સોમનાથ/દેવભૂમિ-દ્વારકા
- નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડંન્ટ ફંડ ગુજરાત રાજય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં વિભાગ,/ઝ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/વ/બ/અ/શાખા ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ
- વર્ષ ૨૦૧૬-૧૭ ની નવી બાબત સીલેક્ટ ફાઇલ